+ ZOOM

દિવાળીની રજાઓમાં કેમિકલયુક્ત પાણી છોડાયું હોવાની ગ્રામજનોને આશંકા

વાપી જીઆઈડીસી થર્ડ ફેઝની દમણગંગા નહેરમાં ભૂરા રંગનું પાણી વહેતું થતા રહીશોમાં તર્ક-વિતર્ક

અચાનક રંગયુક્ત પાણી વહેવાની ઘટનાને પગલે જીપીસીબી નમૂના લઈ ઝીણવટભરી તપાસ કરવાની માગ

। વાપી ।

વાપી જી.આઈ.ડી.સી. થર્ડ ફેઝ વિસ્તારમાંથી પસાર થતી દમણગંગા નહેરમાં આજે વહેલી સવારથી ઘેરા વાદળી (બ્લૂ) રંગનું પાણી વહેતું જોવા મળતાં સ્થાનિક લોકોમાં ભારે ચર્ચા અને અનેક તર્ક-વિતર્ક શરૂ થયા છે. થર્ડ ફેઝના પાછળના ભાગેથી શરૂ થઈ રાતા વડિયાવાડ કળિયા સહિતના વિસ્તારોમાંથી પસાર થતી નહેરમાં અચાનક રંગીન પાણી દેખાતાં કોઈ અજાણી કંપની દ્વારા કલિત રીતે કેમિકલયુક્ત પાણી છોડવામાં આવ્યું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. સ્થાનિક લોકોમાં ઉઠતી ચર્ચા મુજબ દિવાળીના રજાના દિવસોમાં કોઈ કંપની દ્વારા પોતાના પ્રદૂષણના પાપને છુપાવવા માટે નહેરમાં રંગયુક્ત પાણી છોડવામાં આવ્યું હોવાની શક્યતા નકારી શકાય તેમ નથી.



તાજેતરમાં જ વાપીમાં પર્યાવરણને અનુરૂપ ઔદ્યોગિક કામગીરી અને પ્રદૂષણ અટકાવવા અંગે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, પરંતુ બીજી તરફ નહેરમાં ઘેરા વાદળી રંગનું પાણી વહેતું જોવા મળતાં 'શેતળી શિખામણ ઝાંપા સુધી' જેવી સ્થિતિ સર્જાઈ હોવાની ચર્ચા લોકોમાં જોર પકડી રહી છે.વહેલી સવારથી નહેરમાં વહેતું આ રંગયુક્ત પાણી થર્ડ ફેઝના વડિયાવાડ વિસ્તારથી લઈને છેક છીરી સુધીના વિસ્તારમાં જોવા મળ્યું હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. આ ઘટનાને પગલે નહેરના પાણીના ઉપયોગ અંગે પણ ગંભીર ચિંતા ઊભી થઈ છે.

દમણગંગા નહેરના પાણીનો ઉપયોગ આસપાસના વિસ્તારોમાં રહેતા અનેક લોકો દ્વારા કરવામાં આવે છે. નહેરમાં અનેક મહિલાઓ કપડાં ધોવા માટે આવે છે, જ્યારે બાળકો પણ નહેરના પાણીમાં સ્નાન કરતા હોવાનું જોવા મળે છે. આ ઉપરાંત આસપાસના વિસ્તારમાં રહેતાં પશુધન અને ઢોરઢાંખર પણ નહેરનું પાણી પીવે છે.આવા સંજોગોમાં જો નહેરમાં ભરેખર કેમિકલયુક્ત કે હાનિકારક પાણી છોડવામાં આવ્યું હોય તો તે સ્થાનિક લોકો, મહિલાઓ, બાળકો અને પશુધનના સ્વાસ્થ્ય માટે ગંભીર જોખમ ઊભું કરી શકે છે. નહેરના પાણીમાં કોઈ ઝેરી કે હાનિકારક તત્ત્વોની હાજરી છે કે કેમ, તે અંગે તાત્કાલિક તપાસ કરવી અત્યંત જરૂરી બની છે. સ્થાનિકોમાં એવી ચર્ચા પણ ઊઠી રહી છે કે પ્રદૂષણ નિયંત્રણની જવાબદારી ધરાવતા વિભાગની યોગ્ય દેખરેખના અભાવે કોઈ કંપની દ્વારા નહેરમાં આવું પાણી છોડવાની હિંમત કરવામાં આવી હોય શકે છે. જોકે, આ બાબતની સત્યતા તપાસ બાદ જ બહાર આવશે.હાલમાં નહેરમાં વહેતા વાદળી રંગના પાણીમાં એસિડિક કેમિકલ કે અન્ય કોઈ ઔદ્યોગિક રસાયણ છે કે કેમ, તે તપાસનો વિષય છે. પરંતુ નહેરમાં અચાનક રંગયુક્ત પાણી વહેવાની ઘટના ગંભીરતાથી લેવાની જરૂર છે. સ્થાનિક લોકો દ્વારા નહેરના પાણીના નમૂનાઓ તાત્કાલિક લેવામાં આવે, તેની વૈજ્ઞાનિક તપાસ કરવામાં આવે અને જો કોઈ કંપની દ્વારા ગેરકાયદેસર રીતે પ્રદૂષિત પાણી છોડવામાં આવ્યું હોવાનું સાબિત થાય તો જવાબદાર કંપની સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

ભીલાડથી મરોલી સુધીનો મુખ્ય માર્ગ બિસ્માર, ધૂળની ડમરીથી લોકો ત્રસ્ત

ખાડા પૂરવા અને માર્ગની સફાઈ કરાવવા આગેવાનો દ્વારા માર્ગ-મકાનને રજૂઆત

। સરીગામ ।

ભીલાડ નેશનલ હાઈવે નંબર ૪૮થી ભીલાડ બજાર થઈ સરીગામ બાયપાસ ત્રણ રસ્તા, જીઆઈડીસી નારગોલ ચાર રસ્તા, માંડા-સરઈ ચાર રસ્તા થઈ મરોલી ગામ સુધીનો મુખ્ય માર્ગ અત્યંત જર્જરિત અને ખાડાયુક્ત બન્યો છે. ચોમાસા બાદ માર્ગની બંને બાજુ ધૂળ-માટીના થર જામી જતાં વાહનચાલકો, રાહદારીઓ, વિદ્યાર્થીઓ, કામદારો અને વેપારીઓ ભારે હાલાકી ભોગવી રહ્યા છે.માર્ગ પરથી વાહનો પસાર થતાં ઉડતી ધૂળની ડમરીઓના કારણે લોકોને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી છે અને આરોગ્ય પર પણ ગંભીર અસર થઈ રહી છે. માર્ગની આસપાસ આવેલી દુકાનોમાં ધૂળ જમા થવાથી વેપારીઓના માલસામાન અને ખાદ્યસામગ્રીને નુકસાન થઈ રહ્યું છે. દિવાળી, છઠપૂજા અને જલારામ જયંતિ જેવા તહેવારો નજીક આવી રહ્યા હોવાથી માર્ગ પર વાહનચલાવકાર વધવાની શક્યતા છે. ત્યારે માર્ગની તાત્કાલિક સાફસફાઈ કરાવી પાણીનો છંટકાવ કરવા તેમજ ખાડાઓ પૂરી ડામરના પેચવર્ક દ્વારા માર્ગની મરામત કરવા ચૂંટાયેલા નેતાઓ અને જાગૃત નાગરિકોએ માર્ગ અને મકાન વિભાગ, વાપી પેટા વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેરને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી છે.



આવેદનપત્રમાં ઉપસરપંચ ગ્રામ પંચાયત સરીગામ, જિલ્લા પંચાયત વલસાડના સભ્ય તુતન ભંડારી, તાલુકા પંચાયત ઉમરગામના વિરોધ પક્ષનાનેતા રાકેશ કે. રાય સહિતના પ્રતિનિધિઓએ માર્ગની દુરાવસ્થા તાત્કાલિક સુધારો કરવાની માંગ કરી છે.રજૂઆતમાં વધુમાં જણાવાયું છે કે જનહિતને ધ્યાનમાં રાખીને માર્ગની મરામત અને સફાઈને પ્રાથમિકતા આપવામાં આવે. જો તાત્કાલિક કાર્યવાહી નહીં થાય તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે તેવી ચીમકી પણ આપવામાં આવી છે.

વલસાડ જિલ્લામાં દિવાળીમાં અકસ્માતો સરેરાશ ૨૧ ટકા વધતા હોવાનો અંદાજ

વલસાડ : વલસાડ જિલ્લામાં દિવાળી, નૂતન વર્ષ અને ભાઈબીજના દિવસ દરમિયાન વાહન અકસ્માત સહિતના અકસ્માતોમાં સરેરાશ ૨૧.૦૮ % નો વધારો થવો શક્યતા રીમે દર્શાવી નાગરિકોને અકસ્માતો ટાળવાં સતર્ક રહેવાની અપીલ કરી રાજ્યમાં દિવાળી પર્વ દરમિયાન વાહન અકસ્માતો સહિતની મેડિકલ ઈમરજન્સીના કેસોમાં નોંધિત વધારો જોવા મળે છે . સામાન્ય દિવસો દરમિયાન રાજ્યભરમાં દરરોજ વાહન અકસ્માતોના ૬૪૯ કેસો અને અન્ય ઈમરજન્સીના પટ્ય કેસો નોંધાઈ છે. દિવાળી, નૂતન વર્ષ અને ભાઈબીજના દિવસોમાં ઉપરોક્ત બંને કેસોમાં સરેરાશ ૧૧૪.૪૫ % અને ૭૩.૭૦ % જેટલો નોંધિત વધારો થાય તેવી શક્યતા દર્શાવી રહી છે. દિવાળીના દિને ૬ મરજન્સીના કેસોમાં ૧૦.૨૭ %, નૂતન વર્ષના દિને ૨૦ % અને ભાઈબીજના દિવસે ૩૨.૮૭ % કેસો નોંધાઈ તેવી શક્યતા દર્શાવાઈ રહી છે. વાહન અકસ્માતોની સંખ્યામાં ઘટાડો થાય તે માટે ખાસ કરીને વાહનચાલકોએ ત્રણ રસ્તા અને ચાર રસ્તા સહિતના વળાંકવાળા રસ્તા પર તેમના વાહનો સામાન્ય કરતાં ઓછી ગતિએ ચલાવવાની જાહેર અપીલ કરાઈ છે .કટોકટી કોલની વેળાએ પણ આજુબાજુનાં સ્થળોને ધ્યાનમાં રાખીને કોરવાની અપીલ કરવામાં આવી છે. આ ઉપરાંત બિન અરોગ્યપ્રદ ખાદ્ય પદાર્થોનું સેવન નહિ થાય તેની તકેદારી પણ રાખવાની તાકીદ કરવામાં આવી છે.

ફટાકડા વેચતા ૧૦૦થી વધુ લારી-ગલ્લા-પાથરણાં પર તણખલાં ઉડીને પડતે તો ભીષણ આગની સંભાવના

વલસાડમાં વીજપોલના જીવંત વાયરો સળગી ઉઠતા અફરાતફરી

તંત્ર, પાલિકા, પોલીસની રહેમ નજર હેઠળ ફટાકડા વેચવાનો ગેરકાયદે વેપલો ચાલતો હોવાનો વેપારીઓનો બળાપો

। વલસાડ ।

વલસાડના સ્ટેડિયમ રોડ પર આવેલ જિલ્લા ફોજેસ કાર્યાલયની નજીકમાં આવેલા વીજ પોલ પર ગતરાત્રે અચાનક સંભવતઃ શોર્ટ સર્કિટ કે અન્ય કોઈ કારણસર જીવંત વીજવાયરમાં પડાકો થયાં બાદ વાયરો અને ફ્યુઝ સળગી ઉઠતા ભારે અફરાતફરી મચી ગઈ હતી. ઘટનાને પગલે વીજ પુરવઠો ગુલ થઈ ગયો હતો. સૌથી ગંભીર બાબત એ છે કે, નગરપાલિકા અને પોલીસની રહેમ નજર હેઠળ આ વિસ્તારમાં ૧૦૦થી વધુ લારી-ગલ્લા-પાથરણાંધારકો ગેરકાયદેસર રીતે ફટાકડાંનું વેચાણ કરી રહ્યા છે. જો આગના તણખલાં આ ખુલ્લામાં, ઠેઠીપણ જાતની સુરક્ષા કે ફાયર સેફ્ટીના સાધનો વગર રાખેલા ફટાકડાંના જથ્થા પર પડ્યા હોત તો મોટી હોનારત સર્જાઈ હોત તેમ સ્થાનિક દુકાનદારો જણાવી રહ્યા છે.



વલસાડના સ્ટેડિયમ રોડ સહિતના વિસ્તારોમાં દર વર્ષે દિવાળીના આશરે ૨૦થી ૨૫ દિવસ પહેલાથી જ પરપાંથિય લોકો જાહેર માર્ગો પાસે ગેરકાયદેસર રીતે ફટાકડાંનું વેચાણ બેરોકટોકપણે કરતા આવ્યા છે. આ વખતે પણ સ્ટેડિયમ રોડ પર લાયસન્સ વગર ફટાકડાંનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે. આ ગેરકાયદે વેપલો જિલ્લા વહીવટી તંત્ર, નગરપાલિકા તથા પોલીસ તંત્રની નજર સમક્ષ થઈ રહ્યો છે. અહીં ના તો સુરક્ષાના સાધનો છે, ના તો કાયર સેફ્ટીની કોઈ સુવિધા છે. એવામાં જો કોઈ હોનારત થઈ તો માત્ર ફટાકડાંની લારીઓ જ નહીં તો આ વિસ્તારમાં આવેલી સેંકડો દુકાનો બળીને ખાખ થઈ શકે છે. એવામાં ગતરાત્રે ૯-૪૫ વાગ્યાના સુમારે સ્ટેડિયમ રોડ પર સ્થિત જિલ્લા ફોજેસ કાર્યાલયની પાછળના ભાગે આવેલ વીજ ટ્રાન્સફોર્મરમાં જીવંત વીજતાર સળગવા માંડ્યા હતાં. જે આગ આગળ વધવી-વધતી ફોજેસ કાર્યાલયની બાજુમાં આવેલ એક શોપીંગ સેન્ટરની નજીકના વીજપોલ સુધી પહોંચી હતી. જેને પગલે આ વીજપોલ પરના જીવંત વીજતાર સળગવા માંડ્યા હતાં. જે વીજતાર સળગ્યા બાદ તૂટીને નીચે પડતા ભારે અફરાતફરી મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ વીજ કંપનીના કર્મચારીઓ તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા અને વીજ પુરવઠો બંધ કરી દેતા મોટી હોનારત ટળી હતી. વીજ કર્મીઓએ દોડ કલાકની જહેમત બાદ વીજ પુરવઠો ફરી બહાલ કરવામાં સફળતા મેળવી હતી. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. જે જોતાં ખૂબ જ ડરામણો દેખાઈ રહ્યા હતાં. જો વીજતારમાં લાગેલી આગ હજી થોડી આગળ વધી હોત અને એ આગના તણખલાં ત્યાં જાહેર માર્ગ પર ખુલ્લામાં મુકેલા ફટાકડાં પર પડ્યા હોત તો માત્ર ફટાકડાંની લારીઓ જ નહીં તો આગની જ્વાળાની ચપેટમાં સ્ટેડિયમ રોડ પર આવેલી સેંકડો દુકાનો આવી શકી હોત તેમ જાણકારો જણાવી રહ્યા છે. પોલીસ, નગરપાલિકા અને વહીવટી તંત્ર દ્વારા આ ઘટના પરથી કોઈ બોધપાઠ ના લીધો. તેને કારણે આજે પણ અહીં ગેરકાયદે ફટાકડાંનું વેચાણ કરનારાઓનો રીતસર મેળો જામેલો જોવા મળ્યો હતો. ત્યારે તંત્ર કોઈ મોટી હોનારત થાય તેની રાહ જોઈ રહ્યું છે કે કેમ ? તેવો પ્રશ્ન વેપારીઓ ઉઠાવી રહ્યા છે.

વેલવાચ ગામે બાઈક સાથે અકસ્માતમાં મોપેડ સવાર સાળાનું મોત, બનેવીને ઈજા

। વલસાડ ।

વલસાડના કવોલા ગામનો યુવક તેના સાળા સાથે મોપેડ લઈને વેલવાચ ગામેથી પસાર થઈ રહ્યા હતા. તે સમયે પૂર ઝડપે પસાર થઈ રહેલ બાઈ ક્યાલેક મોપેડને પાછળથી ટક્કર મારી અકસ્માત સર્જયો હતો. અકસ્માતમાં ગંભીર રીતે ઈજા પામેલા સાળા-બનેવી પૈકીના સાળાનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. આ ઉપરાંત બંને વાહનોના ચાલકોને પણ ઈજા થઈ હતી.

વલસાડના કવોલા ગામે રહેતા દિલ્યેશભાઈ પ્રભુભાઈ પટેલ પરમપુરના ઉકલા પાસના ભારી કળિયામાં રહેતા તેમના સાળા પ્રદિપભાઈ જશવંતભાઈ પટેલ સાથે મોપેડ નંબર જીજે ૧૫ ઈજે ૯૩૪૭ લઈને વેલવાચ ગામે ટ્રેક્ટરનું સામાન લેવા માટે ગયા હતા. બંને વેલવાચના વાયદરડા ફળિયાથી ચિંચાઈ ગામ તરફ જતા રોડ પરથી રાત્રે આશરે ૧૦ વાગ્યે પસાર થઈ રહ્યા હતા. તે સમયે આ રસ્તા પરથી પૂર ઝડપે પસાર થઈ રહેલા બાઈક નંબર જીજે જીજે ૧૫ ઈ સી ૨૧૭૨ના ચાલકે દિલ્યેશભાઈને મોપેડને પાછળથી ટક્કર મારી અકસ્માત સર્જયો હતો. અકસ્માતમાં દિલ્યેશભાઈ પ્રભુભાઈ પટેલ પરમપુરના ઉકલા પાસના ભારી કળિયામાં રહેતા તેમના સાળા પ્રદિપભાઈ જશવંતભાઈ પટેલ સાથે મોપેડ લઈને વેલવાચ ગામે ટ્રેક્ટરનું સામાન લેવા માટે ગયા હતા. આ ઘટનાને પગલે નહેરના પાણીના ઉપયોગ અંગે પણ ગંભીર ચિંતા ઊભી થઈ છે.



લોકો જાહેર માર્ગો પાસે ગેરકાયદેસર રીતે ફટાકડાંનું વેચાણ કરતા હોવાનો વેપારીઓનો બળાપો

વાપી ભડકમોરા સુલપડ રોડ ઉપર બંધ દુકાનમાં શોર્ટસર્કિટથી આગ

વાપી : વાપીના ભડકમોરા સુલપડ રોડ વિસ્તારમાં છેલ્લા ૮ થી ૯ વર્ષથી બંધ પડેલી બંધ દુકાનમાં આજે વહેલી સવારે નવ વાગ્યાની આસપાસમાં આગ લગતા દુકાનમાં રાખેલ મોટાભાગનો સમાન બળીને ખાખ થઈ ગયો હતો. આગ લાગવાની જાણકારી ફાયર વિભાગને મળતાં જ ફાયર વિભાગની બે ગાડી સ્થળ ઉપર પહોંચી આગને કાબૂમાં લેવામાં આવી હતી. વાપીના ભડકમોરા વિસ્તારમાં આવેલા એમ જી માર્કેટ વિસ્તારમાં છેલ્લા કેટલાય વર્ષોથી બંધ હાલતમાં પડેલ દુકાનની ઉપરથી મજિજ તરફ જતા એક ઈલેક્ટ્રિક કેબલમાં શોર્ટસર્કિટને કારણે તણખા પડતાં આગ પકડી લીધી હતી. અચાનક આગ લગતા દોડધામ મચી ગઈ હતી. આગને કારણે સ્થાનિક લોકોએ આગ ઉપર કાબૂ મેળવવા માટે પાણીની ડોલ અને અનેક બીજી લઈને દોડયા હતા. પરંતુ તેમ છતાં આગ વધુ પ્રમાણ બનતા આખરે ફાયર વિભાગની ટીમને જાણકારી આપતા વાપી નોટિફાઈડ અને વાપી ટાઉન મનપાની એમ બે વાહનો ફાયરના સ્થળ ઉપર પહોંચીને આગને કાબૂમાં લીધી હતી.

બેંક ઓફ બરોડા, ડીઆરટી ડિપોઝિટ્સ મહાલક્ષ્મી ટાવર, ૧લો માળ, સિવિલ રોડ, વલસાડ. ફોન : 02632-241454, ઈ-મેલ : recovery.bulsar@bankofbaroda.com

સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટીસ
પરિશિષ્ટ-૪-એ (નૂલ્સ નિયમ ૮(૬) હેઠળ ૮(૬)ની જોગવાઈઓ)

સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૯(૧) અને ૮(૬) ની જોગવાઈઓ સાથે વંચાતા સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ અને એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટિસ

અત્રેથી ખાતે કરીને ટેનાદાર(રો) કરાયા બાદેટર જનતાને નોટીસ આપવામાં આવે છે કે નીચે જણાવેલ સ્થાવર મિલકતો સિક્યોરીટાઇઝેશને ગીરો/ચાર્જ કરવેલ છે, જેનો કબજો બેંક ઓફ બરોડા, સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) રુલ્સ ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટિસ

ઉપાડી ખાતે કરીને ટેનાદાર(રો) પાસેથી બાકી રકમ વસુલ કરવામાં આવશે. ટેનાદાર(રો)/ગેરેન્ટર(રો)/ખાનીનામદાર(રો)/ સિક્યોરીટી મિલકત(તો)/બાકી રકમ/ રીઝર્વ કિમત/ ઈ-હરાજીની તારીખ અને સમય, દરેકેમાટે અને લીટી પુરેલિની રકમ નીચે મુજબ છે.

• ઈ-હરાજીની તારીખ : ૨૬/૧૧/૨૦૨૬ • ઈ-હરાજીનો સમય : બપોરે ૧૨:૦૦ થી સાંજે ૦૬:૦૦ વાગ્યા સુધી, (૬૬ત ૧૫ દિવસ માટે)

• મિલકત નિરીક્ષણ તારીખ ઉક્ત ક્રમાંક ૨ અને ૩ માટે : ૨૩/૧૧/૨૦૨૬ • નિરીક્ષણનો સમયઃ બપોરે ૧૨:૦૦ થી સાંજે ૬:૦૦ વાગ્યા સુધી,

ક્રમાં/ લોટ નં.	શાખા નામ સંપર્ક નં.	દેવાદાર(રો) / ગ્યાનિનામદાર(રો) ના નામ અને સરનામા	જાણમાં હોય, જો કોઈ હોય તો તેના ભોગ સહિત સ્થાવર મિલકતની ટૂંકી વિગત / ઠરાવેલી અકત	કુલ બાકી રકમ	૧. રીઝર્વ કિંમત ૨. અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઇએમડી) ૩. છેલ્લી પુછાતી રકમ
૧	વિજયા વાપી મેઈન ઝોક CBVM00000C	મોરેશ કુમાર દુબે ફ્લેટ નંબર ૦૦૧ ગ્રાઉન્ડ ફ્લોર સોક નં૩ બ્લોક નં૩ કોમ્પ્લેક્સ સામળી વિભાગ દક્ષ્રા નગર કોલોની વિભાગ દક્ષ્રા નગર કોલોની ૩૯૬૧૯૫ અને પણ ફ્લોટ નં. ૨૦૨, ૨ જો માળ, રીયલ કોમ્પ્લેક્સ, ખાનવેલ રોડ, સામળી, સિલવાસા	ઉમેદવારીમાં મોરેશ દ્વારકા કુમાર દુબેની માલિકીના સિલવાસા ગામની સિમ-સુર્વે જમીન ધરાવતી કર્ણ નં. ૧૧૬/૧/૧૨ અને ૨૦૨૦ સોરસ મીટરની સિમ-સુર્વે જમીન પર ધરાવતાં કોમર્શીયલ "રીયા ફાયરજ" તરીકે ઓળખાતી ફાયરક્રાકર શોપ નંબર ૬૩૮ હોરસ ફ્લેટ (કુલ વિસ્તાર ૨૦૦ સ્કોર ફીટ) નો ઉત્તર-દક્ષિણ ૨૦૨૦ સોરસ ફીટનો ખુલ્લો વિસ્તાર તથા ઉપરોક્ત મિલકતોના તમામ હક્કો, ભોગવટો તથા લાભ સાથે તમામ ફિક્સચર્સ અને ફર્નિચર સાથે તેમજ તેના પર ઉભેલા તમામ બાંધકામ સાથે.	રૂ. ૨૮,૦૫,૫૧૩.૨૧ ૩૫,૧૦,૨૦૨૬ મુજબ	૧. રૂા. ૨૦,૩૮,૭૦૦/- ૨. રૂા. ૨,૦૩,૮૭૦/- ૩. રૂા. ૧૦,૦૦૦/- (અંકોક ૧૦ મિનિટના અવાસીત વધારા સહિત)
૨	પીઠા CBVM00000C	વાઘલધરના મોગરાવાડી ખાતે સર્વોદય ફ્લોટ નં. ૩૦૨ પ્રથમ માળે ત્રણેય બાજુ ખુલ્લી બાલ્કનીવાળો ફ્લોટ નં. ૩૦૨ (ચોથો માળે) ઉપરોક્ત બાબતે મિલકતનો તમામ ભાગો, ખાતરી કરો તમામ હિત, ભોગ, ભોગ ભોગવટા અધિકારો સાથે તમામ ફિક્સચર્સ અને ફર્નિચર સાથે તેમજ તેના પર ઉભેલા તમામ બાંધકામ સાથે.	રૂા. ૬,૪૬,૩૭૩ ૩૫,૧૦,૨૦૨૬ મુજબ	૧. રૂા.૧૩,૪૧,૦૦૦/- ૨. રૂા. ૧,૩૪,૧૦૦/- ૩. રૂા. ૧૦,૦૦૦/- (અંકોક ૧૦ મિનિટના અવાસીત વધારા સહિત)
૩	સાયણ CBVM00000C	ભોગવટા ધારીનું નામ : ડી/શ્રી, (પહેલો માળ, એસિડિત રેસીડેન્સી, આનંદ નગર, પરાકાબ મહિદ પાસે, હાર્બી, સુરતરાજ-૩૯૪૧૬૦	ભોગવટા ધારીનું નામ : ડી/શ્રી, (પહેલો માળ, એસિડિત રેસીડેન્સી, આનંદ નગર, પરાકાબ મહિદ પાસે, હાર્બી, સુરતરાજ-૩૯૪૧૬૦ ફ્લોટ નં. ૨૦૧/૧૦૫ (બીજો માળે) ઉપરોક્ત બાબતે મિલકતનો તમામ ભાગો, ખાતરી કરો તમામ હિત, ભોગ, ભોગ ભોગવટા અધિકારો સાથે તમામ ફિક્સચર્સ અને ફર્નિચર સાથે તેમજ તેના પર ઉભેલા તમામ બાંધકામ સાથે.	રૂા. ૩૫,૦૬,૬૪૩.૭૫ ૩૫,૧૦,૨૦૨૬ મુજબ	૧. રૂા. ૨૫,૧૩,૦૦૦/- ૨. રૂા. ૨,૫૧,૩૦૦/- ૩. રૂા. ૧૦,૦૦૦/- (અંકોક ૧૦ મિનિટના અવાસીત વધારા સહિત)
૪	વિજયા CBVM00000C	ઉમેદવાર મોહમ્મદ સિદ્દીકી ફ્લોટ નં. ૦૦૨ પહેલો માળ, ઇમ્તિયાઝ સોપાર્ટમેન્ટ, ઇમામ ટાવરની પાછળ, નાનાપોઢા, સિલવાસા ૩૯૬૨૩૦	ઉમેદવાર મોહમ્મદ સિદ્દીકી ઉમેદવાર/ગેરેન્ટર(રો) ની માલિકીની નિવાસ ફ્લોટ નં. ૨૦૧ બીજો માળ, ઇમ્તિયાઝ સોપાર્ટમેન્ટ, ઇમામ ટાવરની પાછળ, નાનાપોઢા, સિલવાસા ૩૯૬૨૩૦ ખાતે આવેલ ફ્લોટ નં. ૨૦૧ ના તમામ ભાગો, ખાતરી કરો તમામ હિત, ભોગ, ભોગ ભોગવટા અધિકારો સાથે તમામ ફિક્સચર્સ અને ફર્નિચર સાથે તેમજ તેના પર ઉભેલા તમામ બાંધકામ સાથે. (ટીપિક- ફ્લોટ નં. ૨૦૧, (અંકોક ૧૦મી)	રૂા. ૩૫,૨૬,૪૮૫.૫૦ ૩૫,૧૦,૨૦૨૬ મુજબ	૧. રૂા. ૧૩,૧૨,૨૦૦/- ૨. રૂા. ૧,૩૧,૨૦૦/- ૩. રૂા. ૧૦,૦૦૦/- (અંકોક ૧૦ મિનિટના અવાસીત વધારા સહિત)
૫	વિજયા CBVM00000C	સમર્થ હેન્ડલૂમ્સ પ્રાઈવેટ લિમિટેડ ફ્લોટ નં. ૨૩૦૨, સરદાર પટેલ રોડ,નવાપોરા, સિલવાસા, ૩૯૬૨૩૦	ઉમેદવાર સમર્થ હેન્ડલૂમ્સ પ્રાઈવેટ લિમિટેડ ના ડિરેક્ટર(રો) ની માલિકીની નિવાસ ફ્લોટ નં. ૨૦૧ જેમનું ક્ષેત્રફળ ૧૦૫૦ સ્કોર ફુટ (બાંધકામના વિસ્તાર સહિત) કામ માણે (મંજુર બોખમમાં દર્શાવેલ ૧૦૫૦ ભાગ) "ગુજીમંત્ર ગિફ્ટ કોર્નર" તરીકે ઓળખાતી વિસ્ટિક્સ શોપ, પ્લોટ નંબરો, ગોગો કોમ્પ્લેક્સ નજીક, સિલવાસા ખાતે આવેલ ફ્લોટ નં. ૨૨૩/૧૨/૨ તમામ ભાગો, સિલવાસા ઈન્ડસ્ટ્રીઅલ એરિયા ફાસરા કમ્પની નામક દુકાનો ૩૯૬૨૩૦